# Fun with Family

Day-22 | 20 April, 2020



BAPS





## "Song"

છુક છુક કરતી ગાડી આવી, પો પો કરતી ગાડી આવી.
રમતોનો રસથાળ લાવી, પરિવારને મોજ કરાવી.
સંપનો સંદેશ લાવી, જ્ઞાન સાથે ગમ્મત કરાવી.
છુક છુક કરતી ગાડી આવી, પો પો કરતી ગાડી આવી.

## "જય સ્વામિનારાયણ..."

બાળમિત્રો, આજે આપણે આરતી ઉતારવાની આદર્શ રીત શીખીશું... તો લઈ લો હાથમાં આરતી અને દબાવો લીંક... વીડીયો જોઈને શીખીશું અને આજે સાંજે આદર્શ આરતી ઉતારીશું...

https://bit.ly/2RMWLxt



## "સ્વામીને રાજી કરીએ..."

આજનો મુખપાઠ હાજર છે... ચાલો, થોડો સમય કાઢી મુખપાઠ કરીએ અને સ્વામીશ્રીનો રાજીપો મેળવીએ...

સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ;
સંત કૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ.
(ભક્તચિંતામણિ ૨/૨)

કામદુઘા કલ્પતરુ, પારસ ચિંતામણી ચાર,
સંત સમાન એકે નહિં, મેં મનમાં કર્યો વિચાર.
(ભક્તચિંતામણિ ૨/૬)

## “ક્વીઝ હાજર છે”

જોઈએ...
આજે કોને પૂરા માર્ક્સ
આવે છે...

https://bit.ly/2VDTbHn | Guj.

https://bit.ly/2xIppsP | Hin.

https://bit.ly/2xH6Cye | Eng.



## “મમ્મીને મદદ”



ચાલો, આજે ઘરમાંથી આખા વર્ષની
‘પસ્તી’ ભેગી થઈ છે તે કાઢીએ...
અને એક જગ્યાએ વ્યવસ્થિત
ભેગી કરી ગોઠવીએ...

## “Healthy Boy, Healthy Girl”

લીંક દબાવો અને Exercise શીખો અને
Healthy રહો... પણ બાળમિત્રો, આ કસરત
શીખીને રોજ કરીશું તો જ ફાયદો થશે...



https://bit.ly/34Sazwi

## “બોલો ઘનશ્યામ મહારાજની જય...”



ખૂબ જ અદ્‌ભુત સચિત્ર જીવનચરિત્ર... બાળમિત્રો, ઘનશ્યામ પ્રભુના બાળપણના પ્રસંગોને **Quiz** રમતા રમતા માણો... જલ્દી લીંક દબાવો...

https://bit.ly/2VJHYFd

## “જબરદસ્ત... Flipbook”



આજે આપણે શીખવાના છીએ એ જોઈને જ તમે ખુશ થઇ જશો... હવે ‘Flipbook’ કઇ રીતે બનાવવી તે શીખીશું... લીંક દબાવો અને શીખો... અને એક ‘Flipbook’ બનાવી ઘરના બધા સભ્યોને આશ્ચર્ય પમાડી દો...

https://bit.ly/2yrwBtD

## “ડોક્ટર ચીન્ટુ”



આજે ઘરના સભ્યોની ડોક્ટરી તપાસ થશે... આપણે તેની નોંધ કરવાની છે... એકદમ Strict થવું પડશે બાળમિત્રો... અહીં દર્શાવેલ વસ્તુઓ પૂછો અને લીસ્ટ બનાવો...

| ક્રમ | Points | પપ્પા | મમ્મી | ચીન્ટુ | ચીન્ટી |
|---|---|---|---|---|---|
| ૧ | નખ | મોટા | મોટા | નાના | મોટા |
| ૨ | નખની સફાઈ | ✓ | ✓ | × | × |
| ૩ | Blood Group | A+ | B+ | ?? | AB |
| ૪ | વજન | 80 | 50 | 45 | 30 |
| ૫ | વિશેષ રોગ | ડાયાબીટીસ | Low BP | - | - |
| ૬ | Height | 5.9 ft | 5.5 ft | 4.5 ft | 3.7 ft |

## "Coin Balancing"



થઈ જાઓ તૈયાર આખો પરિવાર...
આવી ગઈ છે આપ સૌ માટે
**1 Minute Challenge.**
જોઈએ કોણ બને છે વિજેતા...
લીંક દબાવો અને રમત શીખો...

https://bit.ly/2KjahFa

## ''કીર્તન અંતાક્ષરી''

આજે રાત્રે બધાએ મળીને 'કીર્તન અંતાક્ષરી'
રમવાની છે... બધા સભ્યો
અંતાક્ષરીમાં પૂરેપૂરો ભાગ લેશે...
લીંક દબાવો અને અવનવા
**Round** શીખો...
ઢોલ/તબલા = ડીશ, ચમચી, વાટકી

https://bit.ly/2VB9i8w



## ''ચાલો રમવા...''




બાળમિત્રો, એક જબરદસ્ત
રમત હાજર છે... સૌથી સહેલી
અને સરળ... લીંક દબાવો અને
રમત શીખો... પણ બધા જ સભ્યો
મળીને રમશો તો મજા આવી જશે...

https://bit.ly/3akcWsS

# "મગજ કસો"

## અહીં જે કોયડો આપ્યો છે તેને ઉકેલો તો તમે સાચા...

## (Crack the Code)



☐ ☐ ☐

**Code**

**HINT**

| 6 | 8 | 2 |
|---|---|---|

One Number is correct and well placed

| 6 | 1 | 4 |
|---|---|---|

One Number is correct but wrongly placed

| 2 | 0 | 6 |
|---|---|---|

Two Number are correct but wrongly placed

| 7 | 3 | 8 |
|---|---|---|

Nothing is correct

| 7 | 8 | 0 |
|---|---|---|

One Number is correct but wrongly placed

Ans: 042

# "Guess what?"




બાળમિત્રો, આપણા અને આપણા પરિવાર માટે એક નવી app હાજર છે.. "Guess what?" જેમાં ઘણી બધી નવી નવી રમતો રમવા મળશે અને ઘણું બધું નવું નવું જાણવા પણ મળશે.... લીંક દબાવો અને એપ માણો

https://bit.ly/2VEEovT

https://bit.ly/2wAE4pw

## “My Guru, My Life”

આજે મહંતસ્વામી મહારાજના જીવન સંબંધી પ્રશ્નોની **Quiz** માં ભાગ લઈશું... અને તેમના જીવનની કેટલીક માહિતી મેળવીશું... લીંક દવાબી **Quiz** માં ભાગ લો...

https://bit.ly/3anryHE



# “કુસંગ ઓળખો”



| | | | | |
|---|---|---|---|---|
| ખ | રા | ક | લિ | ટે |
| ટે | રા | મ્ય | લિ | સિ |
| લિ | ગે | બ | મ | ને |
| વિ | ઇ | ત્રો | મિ | મા |
| ઝ | બા | ટી | વી | ત્રો |
| ન | મો | બા | ઈ | લ |

અહીં જે કોયડો મૂકવામાં આવ્યો છે... તેમાં ચાર વસ્તુઓ છૂપાયેલી છે... જેના દ્વારા કુસંગ આપણામાં આવી શકે છે... તો તે ચાર વસ્તુઓને શોધી બતાવો...

૧. ________________________________

૨. ________________________________

૩. ________________________________

૪. ________________________________

# “વાહ! વાહ! બાળમિત્રો...”

બાળમિત્રો, આપ સૌને ‘Title Page’ દોરવાની એક Challenge આપવામાં આવી હતી... જેમાં આપ સૌએ ખૂબ જ સારી રીતે ‘Title Page’ બનાવી અમને મોકલ્યા છે... સૌને ખૂબ ખૂબ અભિનંદન... તેમાંથી Selected ‘Title Page’ આપની સમક્ષ રજૂ કરીએ છીએ...




























Fun with Family
Yogi Patel
Nairobi
Kenya


Fun With
FAMILY
Dharman Darii Amdavad


FUN WITH
FAMILY
Avni solanki
Mumbai


Mahi Patel,
Bangkok


Jiya Patel Kuwait
Fun with Family


Kushal Rajendra bhai Dobariya
surat
Fun with Family
Drawing


Divyesh Vaghela
Ahmedabad

# અચરજકારી માછલીઓની દુનિયા

- ઓર ફીશ(Oar fish) દુનિયાની સૌથી લાંબી માછલી છે. (લંબાઇ : ૪૬ ફૂટ એટલે કે આશરે ૧૪ મીટર )
- ઓશન-સન ફીશ દુનિયાની ઊંચામાં ઊંચી માછલી છે. (ઊંચાઇ : ૧૪ ફૂટ (૪ મીટર), વજન : ૧૫૦૦ કિલોગ્રામ)
- મડસ્કીપર ફીશ નામની માછલી જમીન પર ચાલી શકે છે. તેને વોકીંગફીશ પણ કહે છે.
- બ્લૂવ્હેલ માછલી દુનિયાની સૌથી વિશાળ માછલી છે. તેનું હૃદય મોટરકાર જેવડું મોટું હોય છે. તેની જીભ હાથીના શરીર જેવી લાંબી હોય છે. અરે ! તે તો ઊંઘે છે, તો આંખો પણ ખુલ્લી રાખે છે. !
- સ્વોડટેઈલ નામની માછલી સૌથી ઝડપથી તરી શકે છે. (ઝડપ : ૭૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાક)
- સાગરને 'રત્નાકર' કહે છે. સાગરમાં એટલાં બધાં અણમોલ મોતી અને રત્નો વગરે પાકે છે કે આખી દુનિયાની ધન-દોલત ૧૦૦ ગણી કરો, તો પણ તેનું મૂલ્ય ન ચુકવાઈ શકે !
- આ ભાત-ભાતની માછલીઓ પણ તેનાં અનેક જીવતાં રત્નો છે.









# સાગર અને ચાર ભાઈઓ

ચાર ભાઈઓ હતા. રામ, શ્યામ, કિશન અને મોહન. બીચારા બહુ ગરીબ! એકવાર તેમણે વિચાર્યું...

રામ : ભાઈઓ! સાગરમાં ઘણાં રત્નો છે.

શ્યામ : હા, આપણે તે રત્નો મેળવીએ.

કિશન : આપણે સાગર કિનારે તપ કરીએ.

મોહન : વાહ! પછી સાગર રાજી થઈ આપણને રત્નો આપશે.







પછી તો મોટાભાઈ રામ મંત્રજાપ કરવા બેઠા. બીજા ભાઈઓ બીજી સેવામાં લાગ્યા.

રામ : હે સાગરદેવ ! હું આપની સ્તુતિ કરું છું.

શ્યામ : હું ગામમાં જઈ પીવાનું પાણી લઈ આવું.

કિશન : હું રસોઈ બનાવવાની સામગ્રી લઈ આવું.

મોહન : હાશ ! રસોઈ માટે લાકડાં તો આવી ગયાં.

થોડા દિવસ આમ ચાલ્યું. એક દિવસ સાગરને આ વાતની જાણ થઈ.

સાગર : અરે ! આ ભાઈઓ તો મારી પાસેથી રત્નો મેળવીને જ જંપશે. જો રત્નો મેળવવાને લાયક તે હશે, તો તેમને હું જરૂર આપીશ. ... પરંતુ રત્નો આપતાં પહેલાં તેમની કસોટી કરી જોઉં.




**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**



ત્યારબાદ સાગરે બ્રાહ્મણનું રૂપ લીધું. અને પાણી લેવા ગયેલા ભાઈ પાસે ગયો.

બ્રાહ્મણ : અરે ! તું હજી પાણી લઈને ગયો નથી ? તારો ભાઈ રામ તને ત્યાં ગાળો ભાંડતો હશે.

શ્યામ : હે ભાઈ બ્રાહ્મણ, ભાગ અહીંથી ! હું બે-ત્રણ દિવસ સુધી ન જાઉં, પાણી ન લાવું, તો પણ મોટાભાઈ મારા વિશે ખરાબ ન બોલે.

પછી બ્રાહ્મણ ત્યાંથી બીજા ભાઈ પાસે ગયો.

બ્રાહ્મણ : અરે ! કિશન તું હજી રસોઈની સામગ્રી નથી લાવ્યો ? તારો ભાઈ ત્યાં ખૂબ ભૂખ્યો થયો છે. અને તને જેમ ફાવે તેમ બોલે છે. તને માર મારવાનું કાવતરું ઘડે છે.

કિશન : અરે, બ્રાહ્મણ ! તું ખોટું બોલે છે. ભાઈઓ વચ્ચે કુસંપ પેદા કરવા માંગે છે. મારા ભાઈ ખૂબ સારા છે. એ ક્યારેય એવું ન કરે.





આમ, સંપીલા ચારેય ભાઈઓ સાગરની પરીક્ષામાંથી પાર ઊતર્યા. સાગર રાજી થઈ તેમના માટે રત્નો લઈને આવ્યો.

સાગર : હે ભાઈઓ ! તમારો સંપ જોઈ હું ખૂબ રાજી થયો છું. લો આ રત્નો. તમે ખરેખર રત્નો મેળવવાને લાયક છો.

ભાઈઓ : આપનો ખૂબ-ખૂબ આભાર સાગર દેવ !

**બોધઃ સંપ ત્યાં જંપ.**

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# The Way to Happiness

A woodcutter worked hard all day in the forest collecting logs. As he chopped away, sweating in the steamy forest, he imagined how awesome it would be to find a hidden treasure. He would keep his mind busy with such greedy thoughts.





Though greedy, the woodcutter always eagerly served sadhus who came to his village. He knew from satsang and the shastras that if a great sadhu was pleased with him, he would no longer have to be poor.

One day, such a sadhu arrived at his doorstep.

Like always, the woodcutter and his wife prepared and served a great meal to the sadhu. The sadhu was very pleased. He gave them a special gem - the parasmani. Any iron that was touched by this gem would turn into gold! Of course there was a condition. It would only work once and only before sundown.



**Friends, today you have to prepare this story and present it to the parents.**




The greedy woodcutter searched his whole home for a large iron vessel. But, no luck! He searched his village. But no vessel was big enough for him. He went to the next village and finally he found a massive vessel he was happy with. The sun was setting; he hurriedly lugged it back to his home.

The man finally made it to his home. He asked his wife to quickly bring out the parasmani. But, it was too late. The sun had set. No matter how much he scraped the metal with the gem, nothing happened. The woodcutter sighed and thought, "If only I had just turned something from around the house, atleast I would have something. My greed ruined me."







His wife was a wise woman. She told him to not waste his tears. From inside his work closet, she brought out his axe. The man was shocked; it was pure gold! "The sun was setting and you hadn't made it back so I found your axe and touched it to the parasmani," his wife told him.

"This much gold is plenty for us. Don't let greed control you. Work hard like you always do and serve the sadhus. With their blessings, we'll be very happy." The man understood that the way to happiness was not greed, but hard work and the service of great sadhus.

**Remember, you have to perform this story in front of Mom and Dad.**



















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2z6CbBM



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


BAPS
પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ